PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૪૨/કવા–૦૧/૧૮–૧૯/ 8291-14 01 SEP 2018 તા. 01 SEP 2018

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
સુકાભાઈ સીદીભાઈ ગોરાણીયા,
ગામ: ગોરાણા – વાડી વિસ્તાર
તા.કલ્યાણપુર,
જી: દેવભુમી દ્રારકા - 361325
મો: ૮૭૫૮૧૬૫૯૬૪

વિષય :–ભાવપત્રક ભરપાઈ થયા મુજબ ખેત જોડાણ મેળવવા અંગે
સંદર્ભ:– આપની અરજી , તા. ૧૫–૦૫–૧૮ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૪૨/કવા–૦૧/૧૮–૧૯)

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.મજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : ઉપર મુજબ

Cons E

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી જામનગર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, દ્રારકા

... સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર જીઈઆરસી ના આયોગ ના જાહેરનામા: ૦૨/૨૦૧૧ ની કલમ ૨.૫૨ મુજબ – સદર હુકમ ના પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.

(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વિભાગીય કચેરી, કલ્યાણપુર/ભાટીયા

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ નં. : સીજીઆરએફ : ૪૨/કવા–૦૧/૧૮–૧૯ | કમિટી મીટીંગ: તા. ૧૦–૦૮–૧૮ | સ્થળ : દ્વારકા |
|---|---|---|

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

અરજદાર (ફરીયાદી): નામ: સુકાભાઈ સીદીભાઈ ગોરાણીયા, ગામ: ગોરાણા

રજુઆત કરનાર: અરજદાર સુકાભાઈ સીદીભાઈ ગોરાણીયા હાજર રહેલ છે.

**વિરૂધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

પીજીવીસીએલ (કચેરી) : પેટા વિભાગીય કચેરી, કલ્યાણપુર (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી, દ્વારકા)

રજુઆત કરનાર :આર.વી.સોમાણી – ઈન્ચાર્જ કાર્યપાલક ઈજનેર વિભાગીય કચેરી, દ્વારકા

## : હુકમ :

**ફરીયાદ : ભાવપત્રક ભરપાઈ થયા મુજબ ખેત જોડાણ મેળવવા અંગે**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, સુકાભાઈ સીદીભાઈ ગોરાણીયા, ગામ:ગોરાણા એ નદીવાળી જમીન આવેલ છે. તે જમીન મા તા.૧૧–૦૮–૮૯ ના રોજ ભાટીયા ગામે બોર્ડ ની ઓફિસ હતી. રૂ.૧૦૦/– થી ખેતીવાડી વીજજોડાણ નો નોંધણીચાર્જ ભરપાઈ ની રકમ ભરપાઈ કરેલ હતી. ત્યારબાદ વર્ષ–૧૯૯૫ મા ભાવપત્રક રૂ.૧,૪૭૦/– નુ અપાયેલ હતુ. તે રકમ ભરપાઈ થયા બાદ – આજકાલ – આજકાલ કરતા – જોડાણ મળી જશે, તેમ કહેતા – ત્યારબાદ હવે કલ્યાણપુર પેટા વિભાગીય કચેરી મા જવાનુ કહેલ. આમ, ભાટીયા અને કલ્યાણપુર પેટા વિભાગીય કચેરીને અનેક અરજીઓ – વિનંતીઓ કરેલ હોવા છતા – આજદિન સુધી જોડાણ અપાયેલ નથી. આમ,અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, અરજદાર શ્રી સુકાભાઈ સીદીભાઇ ગોરણીયા દ્વારા ઉપરોક્ત બાબતે સીજીઆરએફમાં રજૂઆત કરેલ છે. જેમાં જણાવ્યા મુજબ કલ્યાણપુર પેટા વિભાગના કાર્યક્ષેત્ર હેઠળ આવતા રે. ગોરાણા ગામે આવેલ જમીનમાં તા.૧૧.૦૮.૧૯૮૯ ના રોજ રૂ.૧૦૦ ભરપાઈ કરી નવા ખેતીવાડી વીજ જોડાણ ની માગણી કરેલ.તથા સને ૧૯૯૫ માં ભાવપત્રક પેટે રૂ. ૧૪૭૦ રકમ ભરપાઈ કરેલ છે પરંતુ તેઓને હજુ વીજ જોડાણ મળેલ નથી આ તમામ દસ્તાવેજી પુરાવા ચકાસતા નીચે મુજબનું તારણ છે.<br>અરજદાર દ્વારા ફરિયાદ સાથે તા.૧૧.૦૮.૧૯૮૯ ની રસીદ નં ૫૮૮૭૨ થી રૂ. ૧૦૦ ની રસીદ રજૂ કરેલ છે. જેમાં રૂ. ૫૦ એ ૪૭૩૦૧( સર્વિસ કનેકસન ચાર્જ ) અને રૂ. ૫૦ એ ૬૧૯૧૯ ( અન્ય ચાર્જ ) એમ બે અલગ અલગ એકાઉન્ટ હેડમાં ભરપાઈ કરેલ છે જેના પરથી સ્પસ્ટ જણાય છે કે આ ૧૦૦ રૂ. ખેતીવાડી વીજ જોડાણના નોંધણી માટેના નથી. અરજદાર દ્વારા રજૂ કરાયેલી રૂ. ૧૪૭૦ ભરપાઈ કરેલી રસીદ નં ૫૨૮૬૧ ની તારીખ અવાચ્ય છે જેથી સદર નાણા ક્યારે ભરપાઈ થયેલ છે અને ક્યાં હેતુના ભરપાઈ થયેલ છે તે સ્પસ્ટ થતું નથી. અરજદાર દ્વારા ૧૯૯૫ ના વીજ જોડાણના નાણા ભરપાઈ કર્યા બાદ આશરે ૨૩ વર્ષ જેટલા લાંબા સમયગાળા બાદ એટલે કે વર્ષ ૨૦૧૮ માં રજૂઆત કરેલ છે. વિશેષમાં જણાવવાનું કે અરજદાર દ્વારા કોઈ રજૂઆત અંગેના પુરાવા ભાટિયા કે કલ્યાણપુર પેટા વિભાગીય કચેરી ખાતે પ્રાપ્ત થયેલ નથી. તેમજ ભૂતકાળ માં કોઈ પત્રવ્યવહાર થયો હોય એવું રેકોર્ડ પરથી જણાતું નથી. સદર **બાબત ની અરજદાર ને સબંધક પીજીવીસીએલ ની પેટા વિભાગીય કચેરી દ્વારા તા.૨૬–૦૭–૧૮** |

| | |
|---|---|
| | ના રોજ લેખીતમાં જાણકારી આપેલ. આમ, અરજદાર ની સદર અરજીને માન્ય રાખી સકાય નહીં. |
| <u>૨.૨</u> | સૂકા સીદી ગોરાણીયા દ્વારા કલ્યાણપુર પેટા વિભાગના કાર્યક્ષેત્ર હેઠળ આવતા મુ. ગોરાણા ખાતે ખેતી વાડી ના નવા વીજ જોડાણ બાબત માટે રજૂઆતના અનુસંધાને પેટાવીભાગીય કચેરી દ્વારા વીજ જોડાણ વાળી જગ્યાએ તા. ૦૯.૦૮.૧૮ ના રોજ **અરજદાર ના પ્રતિનીધી શ્રી કેશુભાઈ સુકાભાઈ ગોરાણીયા ની હાજરીમાં** સર્વેની કામગીરી કરેલ, તથા સ્થળ રોજકામ કરેલ તે મુજબ સદર સ્થળ પર હયાત હળવા દબાણ ની વીજ લાઇન ખુબજ જર્જરિત માલૂમ પડેલ. જે પોલ જૂની એલ ટી લાઇનનો છે. આ પોલ સદર વીજ જોડાણ માટેનો નથી.તથા આ પોલ જે તે અન્ય ગ્રાહકોને એલ ટી દ્વારા પાવર સપ્લાય આપવા માટેનો હતો પરંતુ તે ગ્રાહકો એ ખેતીવાડી લોડ વધારો કરાવતા એલ ટી લાઇન ડિસમેન્ટલ કરી 11 કેવી લાઇન તથા ટ્રાન્સફોર્મર વડે વીજ પુરવઠો આપવામાં આવે છે તે ઉપરાંત વધુમાં જણાવવાનું કે સૂકા સીદી ગોરણીયા દ્વારા અગાઉ રજૂ કરેલ પૈસા ભરેલ ની પહોચો ઓફિસ રેકોર્ડ ખરાઈ કરતાં જે તે વર્ષની ખેતીવાડી કેસ ફાઇલ સાથે સુસંગત થતી નથી. સદર **બાબત ની અરજદાર ને સબંધક પીજીવીસીએલ ની પેટા વિભાગીય કચેરી દ્વારા તા.૦૯–૦૮–૧૮ ના રોજ લેખીતમાં જાણકારી આપેલ.** |
| <u>૨.૩</u> | **ફોરમ કમિટી ની મીટીંગઃ તા. ૧૦–૦૮–૧૮ મા અપાયેલ સુચના મુજબ – સદર ફરીયાદી અરજદાર ની સાથે જ અરજી કરેલ શ્રી પરબતભાઈ રાજાભાઈ ગોરાણા ને વીજજોડાણ મળી ગયેલ હોય – જેની કેઈસ ફાઈલ તા.૨૭–૦૮–૧૮ થી રજુ કરેલ છે.** |

**<u>મુદદા નં.–૩ :</u>** **: <u>નિષ્કર્ષ</u> :**

| | |
|---|---|
| <u>૩</u> | **ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે.** |
| <u>૩.૧</u> | **અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની અરજી ના અનુસંધાને – પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ અને ૨.૨ મુજબ ની વિગતે – અરજદાર શ્રી** સુકાભાઈ સીદીભાઇ ગોરણીયા દ્વારા ઉપરોક્ત બાબતે સીજીઆરએફમાં રજૂઆત કરેલ છે. જેમાં જણાવ્યા મુજબ કલ્યાણપુર પેટા વિભાગના કાર્યક્ષેત્ર હેઠળ આવતા રે. ગોરાણા ગામે આવેલ જમીનમાં તા.૧૧.૦૮.૧૯૮૯ ના રોજ રૂ.૧૦૦ ભરપાઈ કરી નવા ખેતીવાડી વીજ જોડાણ ની માગણી કરેલ.તથા સને ૧૯૯૫ માં ભાવપત્રક પેટે રૂ. ૧૪૭૦ રકમ ભરપાઈ કરેલ છે પરંતુ તેઓને હજુ વીજ જોડાણ મળેલ નથી. અરજદાર દ્વારા સદર બાબતે કોઈ રજૂઆત અંગેના પુરાવા ભાટિયા કે કલ્યાણપુર પેટા વિભાગીય કચેરી ખાતે પ્રાપ્ત થયેલ નથી. તેમજ ભૂતકાળ માં કોઇ પત્રવ્યવહાર થયો હોય એવું રેકોર્ડ પરથી જણાતું નથી. |
| <u>૩.૨</u> | **ફોરમ કમિટી ની મીટીંગઃ તા. ૧૦–૦૮–૧૮ મા અપાયેલ સુચના મુજબ – સદર ફરીયાદી અરજદાર ની સાથે જ અરજી કરેલ શ્રી પરબતભાઈ રાજાભાઈ ગોરાણા ને વીજજોડાણ મળી ગયેલ હોય – જેની કેઈસ ફાઈલ ના આધાર–પુરાવાં વિભાગીય કચેરી ના ઈ–મેઈલ તા.૨૭–૦૮–૧૮ થી રજુ કરાયેલ છે. જે અન્વયે ની વિગત તેમજ અરજદાર ની વિગત નીચે મુજબ છે.** |

| **અરજદાર નુ નામ** | સુકાભાઈ સીદીભાઈ ગોરાણીયા – ગામઃ ગોરાણા (અરજદાર દ્વારા રજુ કરાયેલ) | પરબતભાઈ રાજાભાઈ ગોરાણીયા – ગામઃ ગોરાણા ( પીજીવીસીએલ દ્વારા રજુ કરાયેલ) |
|---|---|---|
| **અરજી નોંધણી તારીખ** | તા.૧૧.૦૮.૧૯૮૯ | તા.૧૫.૦૧.૧૯૯૦ |
| **અરજી નોંધણી રસીદ નંબર અને નોંધણીચાર્જ** | રૂ.૧૦૦, રસીદ નં ૫૮૮૭૨ | રૂ.૧૦૦ રસીદ નં ૨૬૧૮૧ |
| **ભાવપત્રક નં. અને તારીખ** | ૧૦૦૯૧૮૬ - તા.- અવાચ્ય | ૧૦૦૯૧૮૫ તા.-૨૦.૧૧.૧૯૯૫ |
| **ભાવપત્રક ભરપાઈ કરેલ રસીદ નંબર અને તારીખ અને રકમ** | રસીદ <u>*નં ૫૨૮૬૧ રૂ. ૧૪૭૦,*</u><br>તા.- અવાચ્ય | રસીદ નં <u>*૫૨૮૬૦ રૂ. ૧૪૭૦,*</u><br>તા.-૧૫.૧૨.૧૯૯૫ |

| | |
|---|---|
| | સદર કેઈસ મા, ઉપરોક્ત બાબતે ફલીત થાય છે કે – અરજદાર દ્વારા રજુ કરાયેલ – ભાવપત્રક ભરપાઈ કરેલ રસીદના નંબર અને રકમ – તેજ ગામ ના અન્ય ઉપરોક્ત જણાવ્યા મુજબ અરજદાર દ્વારા ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે ની અરજી કરેલ અનેજે તે સમયે ભાવપત્રક ભરપાઈ કરેલ રસીદ ના નંબર ની સીરીઝ મા સુસંગતતા જણાય છે. આમ, પીજીવીસીએલ પક્ષકાર દ્વારા ફરીયાદી અરજદાર ને તેઓની ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે ની અરજી ના અનુસંધાને – ભાવપત્રક અપાયેલ હોય – તેવા કોઈ આધાર–પુરાવા રજુ કરાયેલ નથી. પરંતુ, અરજદાર દ્વારા રજુ કરાયેલ – ભાવપત્રક ભરપાઈ કરેલ રસીદ નંબરઃ ૫૨૮૬૧ મા દર્શાવ્યા મુજબ – એફકયુ નં. ૧૦૦૯૧૮૬ અંતર્ગત રૂ.૧,૪૭૦/– ભરપાઈ કરેલ છે. જેથી અરજદાર ને તેમની અરજી મુજબ – નવુ ખેતીવાડી વીજજોડાણ મળવા પાત્ર હોય – નિયમાધીન જરૂરી અદ્યતન દસ્તાવેજીક પેપર્સ મેળવી અને જોડાણ આપવા બાબતે ની નિયમાધીન કાર્યવાહી અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ દિન–૬૦ માં પૂર્ણ કરી આપવા બાબતે નો પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા સબબ નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

મુદદા નં.–૪ : **હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૨ મુજબ ની વિગતેની જાણકારી બન્ને પક્ષકારો ને આપવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એન.ડી.ધામેલીયા)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેક્નીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.